સ્થાપના તારીખ: ૧૯-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮- " માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સકૂલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## સદગુરૂદેવ પૂજયશ્રી ભોજલરામ બાપા

" અમારી ધરતી જગ જૂની, ગઢ જૂનો ગિરનાર
શૂરા ને સંત નિપજાવતી, સોરઠ રતનની ખાણ "

સૌરાષ્ટ્રની પુનિત ધરતી ઉપર અનેક સિધ્ધો, સાધુઓ અને સંતકવિઓએ જ્ઞાન,વૈરાગ્ય અને ભકિતની નિર્મળ સરવાણીથી જનજીવનને સદાચારી બનાવ્યું છે.તેમાના ઘણા ભકિતો દુનિયાદારીની દ્રષ્ટિએ ઓછું ભણેલા કે અભણ હતા છતાં અંતરની સમૃધ્ધિને કારણે ઉતમ કવિ,ઉપદેશક કે સમાજ સુધારક બનીને સમાજની ઉમદા સેવા કરી છે.એવી વિરલ વિભૂતિઓમાં એક હતા ભોજલરામ.

સંત શ્રી ભોજલરામનો જન્મ ઈ.સ. ૧૭૮૫ માં સૌરાષ્ટ્રમાં આવેલ જેતપુર પાસેના દેવકીગાલોલ મુકામે થયો હતો. પિતા કરશનભાઈ અને માતા ગંગાભાઈ, જ્ઞાતિએ લેઉવા પટેલ અને સાવલીયા અટક ધરાવનાર શ્રી ભોજલરામ સાથે અનેક દિવ્ય ચમતકારો જોડાયેલા છે. ૧૨ વર્ષની ઉંમર માત્ર દૂધનો આહાર લેતા હોવાથી દૂધાહારી બાલયોગી તરીકેની તેમની ખ્યાતિ ચોમેર ફેલાયેલી હતી. લોકોના વહેમ,અંધશ્રધ્ધ અને અજ્ઞાનને દૂર કરવા ભૂતાવળિયા ટીંબા ઉપર જ આશ્રમ સ્થાપી,હરિકીર્તનના સૂર રેલાવી આ જગ્યા ઉપરની આસુરી સૃષ્ટિ ઉપર ફતેહ મેળવી જે ગામ વસાવ્યું તેનું નામ ફતેહપુર.ધીરે ધીરે ફતેહપુર અમરેલી પ્રાંતનું તીર્થધામ બની ગયું.

ઈ.સ.૧૮૧૪ માં ઈલમી અને પરચાબાજ કહી તેમને ગાયકવાડી દીવાન વિઠલરાવે નજરકેદ કર્યા.શાહી રસોડાનું શાહી ભોજન દિવસમાં ચાર વાર આરોગી તેઓ એકાસને બેસી અજપા જાપ જાપતા રહયા.દિવસો સુધી પોતાની જગ્યા ઉપરથી ન ઊભાથયા કે ન કુદરતી હાજતે ગયા,આવી સિધ્ધિ સામાન્ય માણસની ન હોય તેમ જાણી વિઠલરાવે ભોજલરામની માફી માગી અને તેમના શિષ્ય બની ઉપદેશવાણી માટે પ્રાર્થના કરી.તેમણે સ્વયંસ્કુરણાથી કાવ્યવાણીનો ધોધ વહેવડાવી લગભગ દોઢસો પદ તેમણે સ્વકંઠે ગાઈ સંભાળાવ્યાં.આ પદો ગુજારતી સાહિત્યનું મોંઘેરૂં આભૂષણ બની " ભોજા ભગતના ચાબખા " નામે સર્વત્ર જાણીતા થઈ આદર પામ્યા. ઈન્દયોના ઉદધત અશ્વોને જ્ઞાનના ચાબખા વડે સતત ફટકારો તો જ પલોટાય,સંયમિત બની સન્માર્ગે ચાલે.આ વિચારને મૂર્ત કરવા ભોજા ભકતે આ પદોને " ચાબખા " કહ્યા છે. ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતાના પ્રભાતિયાં, અખાના છપ્પા,પ્રીતના પદો, ધીરાનીકાફી અને દયારામની ગરબીની જેમ જ ભોજા ભકતના ચાબખાએ પણ નામના મેળવી.ચાબખાનો કર્ણપ્રિય ઢાળ સૌને એવો તો ગમયો કે એ પછી એ ઢાળ ઉપર અનેકે એ ઢાળ ઉપર પદની રચના કરી.

" પ્રાણિયા, ભજી લે ને કિરતાર, આ તો સપનું છે સંસાર."
" મુરખા, મોહી રહ્યો મારું, આમાં કાંઈ નથી તારૂં "

વગેરે વેધક અને માર્મિક કટાક્ષો કરી સાંસારિક મોહમાયામાં ફસાયેલા લોકોને સાવધ કરી સદાચારના રસ્તે ચડાવ્યા.ભોજલરામમાં મહાજ્ઞાની, મહાયોગી અને મહાન સુધારક એમ ત્રિવિધ પ્રતિભાના દર્શન થાય છે.

એક તરફ તત્કાલીન જડસમાજના વહેમો, દંભો,પાંખડો અને કુરિવાજો ઉપર મીઠાના પાણીમાં બોળેલા કરાડા કોરડા જેવા ' ચાબખા 'ના માર માર્યા છે તો બીજી બાજુ આત્મશ્રધ્ધા,ગુરૂકૃપા, પ્રમુભકિત અને વિવેકનો ચંદનલેપ બનાવી એક કુશળ ચિકિસ્તકની અદાથી સંતપ્ત જીવોની ચિકિત્સા કરી છે.

શબ્દ અને અર્થમાં સુમેળ સાધી ગોઠવાઈ જતા અલંકારો,તળપદી બળકટ ભાષાનું ઔચિત્ય, તાલ લયની જુગલ બંધ અને ગ્રામીણ પરિવેશમાં આવતા સમુચિત દ્રષ્ટાંતો-આ બધી વિશેષતાને કારણે ભોજા ભકતના ચાબખા રાવણ હથ્થા કેએકતારાના તાર ઉપર સવાર થઈને ગુજરાતમાં ઘેરઘેર ધૂમી વળ્યા છે. જેમકે .....

" મનવા, રે'ની ભવનમાં ભળી, તારી વેળા જાય છે વળી,
જોબનના દહાડા જતો રે'શે ભાઈ, જેમ કરમાશે કળી,
જરો પોંત્યે કાંઈ જોરે નહીં ચાલે, પછી પીંખાશે પળી,
મનવા, રે'ની ભજનમાં ભળી "

'ચાબખા ' સિવાય પણ તેમણે પ્રભાતિયાં,હોરી,સરવડા,કીર્તન,ભકિતપદો,કકકો, બાવનાક્ષરી,તિથિ, વાર, મહિના,સંદેશા અને રાધા કૃષ્ણના શૃંગાર આલેખાતાં પદો જેવા કાવ્યસર્જનો તેમની મલકમાંથી પ્રગટયાં છે.

યુગ પુરૂષ મહાતમા ગાંધીજીને અવિચળ આત્મશ્રધ્ધા અને પ્રભુપ્રેમની પ્રેરણા આપનાર " કાચબા કાચબી " નું ભજન જે તેમની પ્રાર્થના સભામાં નિયમિત ગવાતું હતું.એમના સર્જક પણ ભોજા ભકત જ હતા.

સ્થાપના તારીખઃ ૧૪-૦૫-૧૯૮૪ પબ્લિક ટ્રસ્ટ રજી
સ્ટ્રેશન નંબરઃ એફ-૬ (અમરેલી)

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ**

૧૧૮- " માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સકૂલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,
ફોનઃ ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલઃ ૯૪૨૬૭ ૩૦૭૭૭.

# સદગુરૂદેવ પૂજયશ્રી ભોજલરામ બાપા (ચાલુ)--૨--

નિરાકારના ઉપાસક જ્ઞાનમાર્ગી કવિ ભોજાભકત નિરક્ષર હતા.પરંતુ અમરેલીની ન્યાય કચેરીના કર્મચારી જીવણરામ તેમના સાક્ષર શિષ્ય હતા.તેઓ નિપુણ લહિયા હોવાથી ભોજાભકતની વાણીને તેઓ અક્ષરદેહ આપી દેતા હતા.જે ક્રમ આજીવન ચાલ્યો. ઈ.સ.૧૮૯૦ માં ગંથસ્થ થયેલ કાવ્યામાળાના પાંચમાં ખંડમાં ભોજાભકતની તમામ રચનાઓ ગ્રંથસ્થ કરીને પ્રગટ કરવામાં આવી.

સમાજનાં વ્યાપ્ત કામ,ક્રોધ,લોભ,દંભ,પાખંડ, મિથ્યાભિમાન,કુટીલતા,શઠતા કે કુરૂઢીઓ જોઈને ભોજાભકત દાઝે ભરાય છે.

તથી જ્ઞાનમાર્ગના આ પદોની ભાષા દઝાડે તેવી ઉગ્ર છે.ચૈત્ર માસના લીમડાનો કોલ સ્વાદમાં કડવો લાગે પણ અંતે તો તે હિત-કર,નીરોગી અને નિર્મળ બનાવે છે.તેવું જ એમની વાણીની બાબતમાં છે.

શ્રી ભોજલરામ પોતાના જમાનાના સમર્થ સમાજ સુધારક પણ હતા. જો કે જે અર્થમાં રાજારામ મોહનરાય, કવિ નર્મદ કે મહાત્મા ફુલેએ સમાજ સુધારણાની મશાલ હાથમાં લીધેલ તેવું કામ ભોજાભકતનું નથી છતાં ધર્મોપાસના અને ભકિત ધ્વારા પ્રભુ ભકિતના માર્ગમાં જે અવરોધરૂપ હતું તેની તેણે કઠોરવાણીમાં ટીકા કરી સહજ સમાજ સુધારણાનો માર્ગ દેખાડયો હતો.

ધર્મના નામે ધુતી ખાવા માટે કેટલાય પંથો અને સંપ્રદાયો ચાલતા હતા.ભોજાભકતે આવા પાખંડી ગુરૂઓ અને લંપટ ચેલાઓ અને વામમાર્ગી પંથો ઉપર આકરા પ્રહારો કર્યા છે.

**" વંઠેલ પહેરી બેઠા વેશ, ભકિત રહી ભકિતને દેશ,**
**મન મત તાણી માયા હરે,બાવીત્રેવી ટીલા કરે. "**

નિર્મળ ધર્મભાવના સંકુચિત સંપ્રદાયોના તળાવમાં બંધાઈને ગંધાઈ ગઈ હતી.શૈવો, વૈષ્ણવો અને શાકતો વચ્ચે ગળાકાપ હરીભાઈ ને કારણે સાચા ધર્મના ધર્મને સૌ વિસરી ગયા હતા.સાંપ્રદાયિકતાના ઘોડાપુરમાં તણાયા વિના ભોજાભકત જ્ઞાન-ભકિતના રાજમાર્ગન પ્રજવાળતા રહ્યા.તેઓ વચનસિધ્ધ સંતપુરૂષ,રસસિધ્ધ કવીશ્વેર,પ્રભાવક ઉપદેશક અને કુંડલિની શકિતધારક યોગી હતા. **વિરપુર-જલારામ અને ગારિયાધાર ગામના ભકત વાલમરામ** જેવા સમર્થ સંતો તેમના પટ શિષ્યો હતા.**ગાયકવાડી દીવાન વિઠલરાવ** તેમનો હુકમ ઉઠાવવા સદાય તત્પર રહેતા.આમ રાજયાશ્રય, લોકચાહના અને દિવ્યશકિતની પરમકૃપા હોવા છતાં તેમણે પોતાનો કોઈ સ્વતંત્ર સંપ્રદાય કે પંથ ચલાવ્યો ન હતો.તીર્થયાત્રા ધ્વારા જ પ્રભુ પ્રાપ્તિ થાય તેના તેઓ વિરોધી હતા.તેઓ કહે છે કે...

**" તીરથ કરતાં આ તન ટળે, તોય માન મનનું કે દિ નવ ટળે. "**
**" ઘેર બેઠાનું નહાની ભાઈ,કરી લે સંત સાથ સગાઈ. "**

બંધિયાર સમાજના અપલક્ષણ છૂતા છૂત અને ઊંચ નીચના ભેદભાવથી ખરડાયેલ વ્યકિત માત્ર શરીર અને વૈભવને મોળખે છે. આત્માને નહીં. આત્માદર્શી ભોજાભકતે જાતિભેદ, કુળભેદ અને અસ્પૃશ્યતાની કડક નિંદા કરી છે.તેમણે સૌને સમાન સન્માન આપ્યું હતું.

**" રમતારામ પરખ લે પ્યારે, સબ ઘટ સમતા દોરી."**

ભોજાભકતનું કવન એટલું બધું વૈવિધ્ય સભર છે કે તેની તુલના અનેક ભકતકવિઓ સાથે થઈ શકે.છતાં તેમનું કાર્યફલક સૌથી વધારે જ્ઞાની કવિ અને ભકત અખા સાથે મળતું આવે છે. જોગાનું જોગ ભોજાભકતની અસંખ્ય પંકિતઓ અખાની પંકિતઓ સાથે મહદ અંશે મળતી આવે છે.તેઓ અખાની નાનકડી પ્રતિકૃતિ જેવા છે.સ્વાનુભવની ભૂમિ ઉપર આત્મ સાક્ષાતકાર થયો હોય તેવા મરમી સંત કવિઓની મંડળીમાં ભોજાભકત અને અખાની કવિબેલડી જુદી તરી આવે છે.બંનેના ગુણધર્મો સમાન-પાપના પંજને બાળવાના અને અંધારાને ઉજાળવા ભોજાભકતઆજીવન નૈષ્ઠિકબ્રહમચારી રહ્યા.**અમરેલીથી દક્ષિણે ત્રણેક કિલોમીટરના અંતરે આવેલ ફતેપુરમાં ભોજાભકતની પ્રસિધ્ધ જગ્યા આવેલ છે.** ભકતનાં સ્મૃતિ ચિન્હો-ઢોલીયો, પાઘડી,માળા, ચરણ પાદુકાના પાવન દર્શન કરી લોકો ધન્યતા અનુભવે છે.સ્મૃતિચિન્હોવાળા ઓરડામાં જ સાક્ષાત ધ્વારિકાધીશ પ્રસન્ન થઈ,સામે ચાલીને ભોજાભકતને દર્શન દેવા પધાર્યા હતા અને સ્વહસ્તે બંને ભુજાઓ ઉપર ધ્વાકિાની છાપ લગાવી દીધી હતી.તેનો અનુભવ વ્યકત કરતા ભકતશ્રી કહે છે ...

**" પ્રથમ આવ્યા પત રાખવા, ગુરૂ તેણે જ્ઞાન,**
**ભોજો ભગત કહે ચાલી આવ્યા છાપું દેવા શ્યામ. "**

સ્થાપના તારીખ: ૧૭-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ**

૧૧૮- " માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સકૂલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,
ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## સદગુરૂદેવ પૂજયશ્રી ભોજલરામ બાપા (ચાલુ)--૩--

પોતાની ભકિતથી પ્રસન્ન કરી વીરપુરના પરમ ભકત સંત જલારામે તેમની પાસેથી વચન માગી લીધું કે ગુરૂદેવ અંત સમયે તેને દર્શનનો લાભ આપી કૃતાર્થ કરશે.બીજા શિષ્ય વાલમરામને સ્વપનમાં ગુરુદર્શન થયેલું અને ચરણ સેવાથી પ્રસન્ન કરી ગુરૂ ભોજલરામ પાસથી વચના માગી લીધું કે ફતેપુરની જગ્યામાં જ ધજા ચડાવવામાં આવે તે વાલમરામની જગ્યામાંથી સ્વીકારવી,સંત ભોજલરામે આ વચન પણ માન્ય રાખયું. આજે પણ જન્માષ્ટમીના પવિત્ર દિવસે વાલમરામની જગ્યામાંથી આવેલી ધજા ફતેપુરના ગુરૂસ્થાનમાં ચડાવવામાં આવે છે.

ભોજલરામને જયારે દેહ તજવાની ઈચ્છા થઈ ત્યારે શિષ્ય જલારામને આપેલ વચન પાળવા ફતેપુર છોડી વીરપુર આવવાની તૈયારી કરી.આ વખતે " હવે છેલ્લી વેળાના રામ રામ રે " એવું પદ પણ તેમણે રચ્યું.જલારામના સાનિધ્યમાં જયારે આ મહાપ્રતાપી ગુરૂનો દેહવિલય થયો ત્યારે ઈ.સ.૧૮૫૦નું વર્ષ ચાલતું હતું.આ રીતે પાંસઠ વર્ષની જિંદગીમાં અનેક જીવોનું કલ્યાણ કરી કાયમને માટે તેઓ અમર થઈ ગયા.

ગોપાલભાઈ ડાયાભાઈ પટેલ
મહામંત્રી,

નરેશભાઈ રવજીભાઈ પટેલ
પ્રમુખ,

શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ,અમરેલી.